**C.C.No.1669/2019**

રજુ તારીખ : ૧૭/૧૦/૨૦૧૯

દાખલ તારીખ : ૧૭/૧૦/૨૦૧૯

ફેસલ તારીખ :૦૯/૦૩/૨૦૨૬

સમય ગાળો : ૦૬ ૦૪ ૨૩
વર્ષ માસ દિવસ

---

મહીસાગરના મે. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ. લુણાવાડા

---

ફોજદારી કેસ નં. ૧૬૬૯/૨૦૧૯
આંક :- ૬૫

ફરિયાદી :- શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :- મહેશભાઈ ઈશ્વરભાઈ માછી,ઉ.વ.૩૨,

રહે. ભમરા, ઘાંટી ફળીયું, તા.લુણાવાડા, જી.મહીસાગર

ગુન્હો :- ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૮૫(૧) મુજબ

---

ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી :- એસ.એસ.પંડયા
બચાવપક્ષે વિ.વ.શ્રી :- એફ.એસ.શેખ

---

## -: જજમેન્ટ :-

**(૧)** આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મોજે. ભમરા ગામે ઘાંટી ફળીયામાં આવેલ રોડ ઉપર તારીખ : ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ કલાક ૨૧.૧૫ વાગ્યે પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે જાહેરમાં દારૂ પીધેલ હાલતમાં લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ છે, જેથી

ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપતા, તપાસના અંતે સંબંધિત પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારે આ કામના આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમાં ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૮૫(૧)મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આ કામે આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતા, આરોપીને સમન્સની બજવણી થઈ હાજર થતા, તેમને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આ કામના આરોપી વિરૂધ્ધ આંક– ૦૩ થી પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા, કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી ન્યાયીક કાર્યવાહી દરમ્યાન નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓ :–**

| **અ.ન.** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧ | શ્રી સત માનવેન્દ્રસિંહ ગોરવતસિંહ | ફરીયાદી/પોલીસ સાહેદ | ૦૭ |
| ૨ | લુકમાન ઈલ્યાસ ટોપીવાલા | પંચ | ૦૫ |
| ૪ | ડો. બાબુભાઈ રામજીભાઈ પંચાલ | મેડીકલ ઓફીસર | ૧૦ |
| ૫ | શૈલેન્દ્રસિંહ વિક્રમસિંહ | ત.ક.અધિકારી | ૧૯ |

**દસ્તાવેજી પુરાવાઓ :–**

| **અ.ન.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૮ |
| ૨ | પંચનામુ | ૦૬ |
| ૩ | પોલીસ યાદી | ૧૧ |

| | | |
|---|---|---|
| ૪ | ફોર્મ–એ | ૧૨ |
| ૫ | ફોર્મ–બી | ૧૩ |
| ૬ | ફોર્મ–સી એફ.એસ.એલ.સર્ટિફિકેટ | ૧૪ |
| ૭ | દર્દીના કેસ પેપર | ૧૫ |
| ૮ | ટેલીફોન વર્ધી | ૨૦ |
| ૯ | સુચીપત્ર | ૨૧ |

**(૪)** આ કામે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો. આ કામે બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીનુ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી તેમજ બચાવના સાહદો તપાસવા માંગતા નથી તેમજ વિશષમા જણાવે છે કે તેઓ નિર્દોષ છે, તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી, તેઓની સામે ખોટો કેસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૬)** આ કામે ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી નાઓની દલીલ છે કે, આ કામના આરોપીએ દારૂ પીધેલ હાલતમાં લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવેલ છે જે રજુ સાહેદોની જુબાનીથી પુરવાર થતુ હોય આ કામના આરોપીએ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૮૫(૧) મુજબ નો ગુનો કરેલ છે તેમ છતાં જો કલમ–૮૫(૧) મુજબનો ગુનો પુરવાર ન થયાનુ અદાલત માને તો પણ આ કામના આરોપીએ આલ્કોહોલ લીધેલ છે તે હકીકત સાબિત થતી હોઈ આ કામના આરોપીને ભલે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૮૫(૧) મુજબ સજા ન કરી શકાય

તેમ છતાં એફ.એસ.એલ. સર્ટીફીકેટ ધ્યાને લેતા આ કામના આરોપીના બ્લડમાંથી ૦.૦૬૪૧% આલ્કોહોલનું પ્રમાણ મળી આવેલ હોઈ આ કામના આરોપીએ દારૂ પીધેલ છે તેમ સાબિત થતુ હોઈ આ કામના આરોપી ને ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ– ૬૬(૧)બી ના ગુના માટે સજા કરવા અરજ ગુજારેલ છે.

**(૬.૧)** બચાવપક્ષના વિ.વ.શ્રી ની રજુઆત છે કે, પોલીસ સાહેદ સિવાય નજરે જોનરા સાહેદ તરીકે સ્વતંત્ર સાહેદને તપાસેલા નથી તેમજ પોલીસ સાહેદ રસ ધરાવતા સાહેદ છે તેમજ શરીરસ્થિતીના પંચ હોસ્ટાઈલ છે તેમજ આ કામના આરોપી પર નામદાર અદાલતે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી હેઠળ તહોમત ફરમાવેલ ન હોઈ તે ગુના માટે સજા કરી શકાય નહી.

**(૭)** આ કામે પક્ષકારોના વિ.વ.શ્રી નાઓની દલીલો તથા રજુ થયેલા પુરાવા ધ્યાને લીધા બાદ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ મોજે. ભમરા ગામે ઘાંટી ફળીયામાં આવેલ રોડ ઉપર તારીખ : ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ કલાક ૨૧.૧૫ વાગ્યે પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે જાહેરમાં દારૂ પીધેલ હાલતમાં લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવી પકડાઈ જઈ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૮૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ : શું હુકમ?

**(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.**

મુદ્દા નં.૧ : હકારામા.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**-// કારણો //-**

મુદ્દા નં.૧ :

**(૯)** આ કામે ફરિયાદપક્ષે આંક-૦૫ થી પંચ સાહેદ : લુકમાન ઈલ્યાસ ટોપીવાલા તેમજ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ આ કામના આરોપીના શરીરસ્થિતિ અંગેના પંચનામાના પંચ સાહેદ છે. તેઓની જુબાની વંચાણે લેતા પોલીસે લખેલા કાગળમા પંચ તરીકે તેઓની સહી લીધેલ છે. તેમજ પંચનામા વિશે કશુ જાણતા નથી. તેઓ પંચનામા માં પોતાની ફકત સહી જ ઓળખી બતાવે છે તેમજ આંક-૦૬ વાળા પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરીને કોર્ટની પરવાનગીથી ફરીયાદપક્ષે ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોવાથી પંચ સાહેદ ની જુબાનીથી ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો મળી આવતો નથી.

**(૧૦)** આ કામે ફરિયાદ પક્ષે આંક-૦૭ થી ફરિયાદી : માનવેન્દ્રસિંહ ગીરવતસિંહ ને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા સને-૨૦૧૯ ની સાલમાં તેઓ લુણાવાડા પો.સ્ટેમાં અ.પો.કો. તરીકે ફરજ પર હતા. તે દરમ્યાન તારીખ : ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ તથા અહેકો શૈલેન્દ્રસિંહ વિક્રમસિંહ તે રીતે તેઓ બંને જણા સમન્સ વોરંટની બજવણીમાં ગયેલ હતા તે દરમિયાન હરદાસપુર અને પરમપુર ગામથી પરત આવતા હતા તે દરમિયાન ટેલીફોનીક વર્ધી પી.એસ.ઓ. ને મળતા જે ભમરા ગામે ભાવનાબેન મહેશભાઈ માછી નાઓએ પોતાનો પતિ દારૂ પી ઝઘડો કરતા હોવાની તેમજ તેવી વર્ધી લખાવતા પી.એસ.ઓ એ તેઓને ભમરા ગામે જવાનુ છે તેમાજ જે વર્ધીના

આધારે તેઓ લુણાવાડા પો.સ્ટે.આવી મોબાઈલ ગાડી લઈને તેઓ તથા અહેકો શૈલેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓ ભમરા ગામે જતા ઘાટી ફળીયાના રોડ ઉપર એક ઈસમ જાહેરમાં દારૂ પી લથડીયા ખાતો હોવાની અને ઝઘડો-તકરાર કરતા હોવાની હકીકત જણાવેલ છે. તેમણે વધુમાં તેવી હકીકત પણ જણાવે છે કે, તે ઈસમને ગાડીની હેડ લાઈટના અંજવાળે ખાત્રી કરતા તે દારૂ પીઘેલ હાલતમાં જણાઈ આવેલ હોય. નજીકમાંથી બે પંચો બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનું નામ મહેશભાઈ ઈશ્વરભાઈ માછી, રહે.ભમરા ઘાટી ફળીયુ, તા.લુણાવાડા નો હોવાનું તેમજ તેનું મોઢુ પંચો રૂબરૂ સૂંઘી સૂંઘાવી જોતા તેના મોઢામાંથી દેશી દારૂ પીઘેલાની વાસ આવતી હોવાની તેમજ તેની આંખો લાલ નશામાં ઘેરાયેલી હોવાની તેમજ તેને સીધી લીટીમાં ચલાવી જોતા લથડીયા ખાતો હોવાની તેમજ અને શરીરસ્થિતીનું ભાન રાખી શકતો ન હોવાની તેમજ તેની પાસે દારૂ પીવાનુ પાસ પરમીટ માંગતા કોઈ આધાર પુરાવો નહી હોવાનું જણાવતા આરોપીનું શરીરસ્થિતીનું પંચનામુ કલાક ૨૦.૪૫ થી ૨૧.૨૫ થી કરેલ અને અટક કરી પંચનામુ કરી લીધેલાનુ તેમજ ઉપરોકત આરોપી જાહેરમાં દારૂ પી ગાળો બોલતો બકવાટ કરતો મળી આવતા લુણાવાડા પો.સ્ટેમાં પ્રોહી એકટની કલમ-૮૫(૧) મુજબની ફરીયાદ આપેલાની હકીકત જણાવી તેઓને ફરીયાદી બતાવતા તેમાં ફરીયાદી તરીકે તેઓની સહી ઓળખી બતાવતા ફરીયાદને આંક-૦૮ રજુ રાખેલ છે. તેઓ આ કામના આરોપીને ઓળખતા હોવાનુ જણાવે છે. ત્યારબાદ બચાવ પક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા તેમની ઉલટ-તપાસ કરવામા આવેલ છે, જેમાં તેમણે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ વસતીવાળા મકાનો આવેલા છે. બનાવની બાતમી તેઓના સ્ટાફના પોલીસ સાહેદને મળેલી હતી. તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. તેઓની ફરીયાદમાં તેઓ બનાવવાળી જગ્યાએ જવા માટે કેટલા

વાગે નીકળ્યા હતા તથા કેટલા વાગે પહોંચ્યા હતા તે સમય જણાવેલ નથી. તેઓ બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યાર બાદ પંચોને બોલાવેલ હતા. અન્ય સજેશનનો ઈન્કાર કરેલ છે.

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષે આંક-૧૦ થી મેડીકલ ઓફીસરશ્રી : ડો.બાબુભાઈ રામજીભાઈ પંચાલ નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા મુખ્યત્વે તેઓ જણાવે છે કે, સને તારીખ : ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ જનરલ હોસ્પીટલ, લુણાવાડા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હોઈ ત્યારે રાત્રીના ૧૦.૪૦ કલાકે લુણાવાડા પોલીસ મથકમાં ફરજ બજાવતા પો.કો. માનવેન્દ્રસિંહ ગીરવતસિંહ બ.નં.૩૭૮ નાઓ પોલીસ યાદી સાથે મહેશભાઈ ઈશ્વરભાઈ માછી, ઉ.વ.૩૨, રહે. ભમરા ઘાટી ફળીયુ, તા.લુણાવાડા નાઓને પ્રોહીબીશન ગુના સંબંધીત પ્રાથમીક તપાસની સર્ટી. અને લોહીનો નમુનો લેવા માટે આવેલ હોય તે બાબતની યાદી લુણાવાડા પો.સ્ટે.ના જનરલ હોસ્પીટલ ને લખેલી હોઈ જે યાદી તેઓએ ૨૨.૪૨ કલાકે રીસીવ કરેલ હોવાની જેમાં સહી કરી સમય લખેલો હોવાની હકીકત જણાવે છે. તેઓને તે બતાવતા તે જ હોવાનું જણાવી આ કામે આંક-૧૧ થી રજુ રાખેલ છે.તેઓ વધુમાં જણાવે છે કે, તેઓએ તે દીવસે રાત્રીના ૨૩.૦૭ કલાકે દર્દીને તપાસેલા હોઈ તેમજ દર્દીને તપાસતા તેઓના શ્વાસમાં આલ્કોહોલની વાસ આવતી હોવાની તેમજ તેમની ભાષા સામાન્ય તથા ચાલ સ્થીર હોવાની તથા આંખની કીકી સામાન્ય હોવાની હકીકત જણાવેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, દર્દીનું વજન માપતા ૫૬ કિ.ગ્રામ હોઈ. તેઓના અભિપ્રાય મુજબ ઉપરોકત આરોપીએ આલ્કોહોલ લીધો હોવાની અને તે આલ્કોહોલની અસર તળે ન હોવાની હકીકત જણાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત વ્યકિતના લોહીનો નમુનો નીચેની પ્રક્રિયા કરી લીધેલ હોઈ અને તે પ્રક્રિયા તે જ દિવસે કલાક ૨૩.૨૦

વાગ્યે પૂર્ણ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ અં ગે તેઓએ તેમના સ્વહસ્તાંક્ષરમાં ફોર્મ–એ તૈયાર કરેલ જેમાં તપાસેલ વ્યકિતની સહી લીધેલી તેમજ તેઓએ તેમની સહી અને હોદદાનો સીકકો મારેલાની હકીકત જણાવી ફોર્મ નં.–એ બતાવી તેમાં તેઓની સહી તેમજ મહેશભાઈની સહી લીધેલી હોવાની તેમજ તેઓએ તેમની સહી અને હોદદો લખેલ જે તેઓ ઓળખી બતાવી આંક–૧ ૨થી રજુ રાખેલ છે.તેઓ વધુમાં જણાવે છે કે, તેઓની લોહી લેવાની પ્રક્રિયા તે જ દીવસે જે ભાગેથી લોહી લેવાનુ હોઈ તે ભાગને સાબુના પાણી વડે સાફ કરી અને ડીસ્પોઝલ સીરીંજ અને નીડલ વડે આલ્કોહોલ સ્પર્શ ન થાય તે રીતે પ એમ.એલ. બ્લડ લીધેલ તેને એન્ટીકોયલેગુલન્ટ તથા પ્રિઝર્વેટીવ, સોડીયમ સાઈટ્રેટ, પોટેશીયમ ઓકઝીલે જરૂરી માત્રા ધરાવતી ફીયાલમાં નાખીને તેના ઉપર રબરનું બુચ લગાવીને તેને બે હાથ વચ્ચે આમ તેમ કરીને ગોળ ગોળ ફેરવી યોગ્ય રીતે મિક્ષ થાય તેમ કરેલ હોવાની તેમજ ત્યારબાદ ઉપરોકત સેમ્પલને વ્યકિતગત સીલબંધ કરી લેબલ કરી બોક્ષને સીલ કરી તેના પર તેઓની વ્યકિતગત સીલ તથા સહી અને હોદદાનો સીકકો મારી ફોર્મ–બી સાથે કચેરીના જાવક નં.૨૮૯૮/૨૦૧૯ તારીખ : ૨૬/૦૭/૨૦૧૯ ના રોજ આર.પી.એડી. મારફતે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આર.પી.એ.ડી. ટપાલ મારફતે મોકલી આપેલ હોવાની તેમજ ફોર્મ–બી માં સીલની છાપ ઉપસાવેલાની તેમજ આરોપીની મેડીકલ સારવાર દરમિયાન લોહી લીધેલ સેમ્પલ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલી આપેલાની તેમજ  તેમાં તેઓની સહી તથા હોદદો તથા સીલનું સેમ્પલ ઓળખી બતાવી આંક–૧૩ થી રજુ રાખેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ લીધેલ લોહીનું સેમ્પલ તારીખ :૨૬/૦૭/૨૦૧૯ ના રોજ મોકલવામાં આવેલ જે તારીખ : ૨૯/૦૭/૨૦૧૯ ના રોજ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પરીક્ષણ

અર્થે મળી ગયેલ હોવાની તેમજ તેનું પરીક્ષણ તારીખ : ૦૧/૦૮/૨૦૧૯ ના રોજ કરેલ હોવાનું ફોર્મ–સી માં ઉલ્લેખ કરેલાની તેમજ ફોર્મ નં.સી માં નમુનાનું પૃથ્થકરણ કરેલ રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે લોહીમાં ઈથાઈલ આલ્કોહોલનું પ્રમાણ ૦.૦૬૪૧ ગ્રામ % ડબલ્યુ/વી(વેઈટ બાય વોલ્યુમ) ઈથાઈલ આલ્કોહોલ જણાયેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેમણે તે હકીકત પણ જણાવેલ છે કે, ફોર્મ–સી માં બ્લડનું પૃથ્થકરણ કરી એફ.એસ.એલ. શ્રી જી.એ.પંચાલ સાયન્ટીફીક ઓફીસર ગુજરાત રાજય, ગાંધીનગર નાઓએ આપેલ અને તેમનો હોદદો અને સહી કરેલાની તેમજ તે સહી ઓળખી બતાવી આ કામે આંક–૧૪ થી રજુ રાખેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, નામદાર કોર્ટમાં તેઓ બ્લડ સેમ્પલના પેપર સાથે લાવેલ હોઈ તેમજ તે તેઓના હસ્તાંક્ષરમાં છે તેવુ જણાવી આંક–૧૫ થી રજુ રાખેલ છે. આરોપીને તેઓ ઓળખતા હોવાની હકીકત જણાવી આરોપીને ઓળખી બતાવે છે. બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેમની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેમણે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સામાન્ય માણસના શરીરમાં પણ આલ્કોહોલનું પ્રમાણ હોય છે. સડેલા ફ્રૂટ ખાધા હોય તો આલ્કોહોલની વાસ આવતી હોય છે. લોહીના નમુનામાં રાસાયણિક પદાર્થો જરૂરી હેતુ માટે નાખવામાં આવે છે. આવા રાસાયણિક પદાર્થો વધુ કે ઓછા પ્રમાણમાં નાખવામાં આવે તો લોહીના નમુનામાં ફેરફાર થઈ શકે છે.રાત્રીનો ઉજાગરો હોય તો આં ખો સામાન્ય લાલ થઈ શકે છે. અન્ય સજેશનનો ઈન્કાર કરેલ છે.

**(૧૨)** આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૯ થી તપાસ કરનાર અમલદાર શ્રી : શૈલેન્દસિંહ વિક્રમસિંહ ને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, સને–૨૦૧૯ ની સાલમાં તેઓ લુણાવાડા પો.સ્ટેમાં અપોકો તરીકે ફરજ પર હોવાની હકીકત તેમજ તે દરમ્યાન તારીખ : ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ તેઓ તથા

માનવેન્દ્રસિંહ  ગીરવતસિંહ તે રીતે તેઓ બંને સમન્સ વોરંટની બજવણીમાં ગયેલ હોઈ તે દરમિયાન હરદાસપુર અને પરમપુર ગામથી પરત આવતા હતા તે દરમિયાન ટેલીફોનીક વર્ધી પી.એસ.ઓ. ને મળતાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, ભમરા ગામે ભાવનાબેન મહેશભાઈ માછી નાઓએ પોતાનો પતિ દારૂ પી ઝઘડો કરતા હોવાની વર્ધી લખાવતા પી.એસ.ઓ એ તેઓને ભમરા ગામે જવાનુ હોવાની હકીકત જણાવેલ છે. જેથી તે વર્ધીના આધારે તેઓ લુણાવાડા પો.સ્ટે.આવી મોબાઈલ ગાડી લઈને તેઓ તથા માનવેન્દ્રસિંહ ગીરવતસિંહ નાઓ ભમરા ગામે જતા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, ત્યારે ઘાટી ફળીયાના રોડ ઉપર એક ઈસમ જાહેરમાં દારૂ પી લથડીયા ખાતો હોવાની અને ઝઘડો તકરાર કરતા હોવાની હકીકત હોવાની તેમજ તેઓએ તે ઈસમને ગાડીની હેડ લાઈટના અંજવાળે ખાત્રી કરતા તે દારૂ પીધેલ હાલતમાં જણાઈ આવેલ હોવાની હકીકત જણાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેમજ નજીકમાંથી બે પંચો બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનું નામ મહેશભાઈ ઈશ્વરભાઈ માછી, રહે.ભમરા ઘાટી ફળીયુ, તા.લુણાવાડા નો હોવાનું તેમજ તેનું મોઢુ પંચો રૂબરૂ સૂંઘી સૂં ઘાવી જોતા તેના મોઢામાંથી દેશી દારૂ પીધેલાની વાસ આવતી હોવાની તેમજ તેની આં ખો લાલ નશામાં ઘેરાયેલી હોવાની તેમજ તેને સીધી લીટીમાં ચલાવી જોતા લથડીયા ખાતો હોવાની તેમજ  શરીરસ્થિતીનું ભાન રાખી શકતો ન હોવાની તેમજ  તેની પાસે દારૂ પીવાનુ પાસ પરમીટ માંગતા કોઈ આધાર પુરાવો નહી હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આરોપી જાહેરમાં દારૂ પી ગાળો બોલતો બકવાટ કરતો મળી આવેલ હોઈ જે અંગેની લુણાવાડા પો.સ્ટેમાં પ્રોહીબીશન એકટ કલમ–૮૫(૧) મુજબની ફરીયાદ માનવેન્દ્રસિંહે આપેલી હોવાની હકીકત જણાવેલ છે તેમજ જેથી આરોપીનું શરીરસ્થિતીનું પંચનામુ કલાક ૨૦.૪૫ થી ૨૧.૧૫ થી કરેલ હોય અને અટક કરી પંચનામુ

કરી લીધેલુ હોઈ તેમજ આંક–૬ વાળા પંચનામા માં બે પંચોની સહીઓ કરાવેલ અને રૂબરૂપણામાં તેઓએ તેમની સહી કરેલી હોવાની હકીકત જણાવે છે. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓએ આ કામે સાહેદ ભાવનાબેન મહેશભાઈ માછીનું નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેમજ આ કામે આરોપીની મેડીકલ સારવાર માટે તેમજ બ્લડ સેમ્પલ લેવા માટે કોટેજ હોસ્પીટલ, લુણાવાડાને પી.એસ.ઓ. હિંમતસિંહ ભાવસિંહ નાઓએ કરેલી યાદી આંક–૧૧ વાળી ઓળખી બતાવે છે. વધુમાં તેઓ જણાવે છે કે, ત્યારબાદ આ કામે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ૧૦૦ નંબર પરથી ટેલીફોન વર્ધી મહેશભાઈ ઈશ્વરભાઈ માછીનાઓ દારૂ પીને પત્ની સાથે ઝઘડો કરતા હોઈ તે બાબતની વર્ધી લખાવેલ હોવાની હકીકત જણાવેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, તે વર્ધી બતાવતા તેમાં પી.એસ.ઓ હિંમતસિંહની સહી હોઈ તેમજ આરોપીને મેડીકલ સારવાર કરાવ્યા બાદ તેઓને અટક કરી નામ.કોર્ટની કસ્ટડીમાં મોકલી આપેલ હોઈ તેમજ આરોપીનું બ્લડ સેમ્પલ મેડીકલ ઓફીસર શ્રીએ મોકલેલ હોય તેમને એફ.એસ.એલ. કરાવવા માટે મોકલી આપેલાની તેમજ તે બાબતનો મેડીકલ એફ.એસ.એલ.રીપોર્ટ આ કામે મેળવીને તપાસમાં સામેલ રાખેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આ કામે સુચીપત્ર તેઓને બતાવેલ જે આરોપી સામે લુણાવાડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૪૦૫/૨૦૧૯ પ્રોહી એકટની કલમ–૮૫(૧) મુજબ ગુનો રજી. કરેલ હોઈ. તૈયાર કરેલ હોઈ તેમજ તેમાં પી.એસ.ઓ. હિંમતસિંહની સહી હોઈ જે તેઓ ઓળખી બતાવતા હોવાની હકીકત જણાવેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે,આરોપી વિરૂઘ્ધ તેઓની તપાસમાં પુરતા પુરાવા મળી આવતા તેઓના વિરૂઘ્ધ ચાર્જશીટ કરેલ હોઈ તેમજ આરોપીને તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ બચાવ પક્ષના વિઘ્વાન વકીલશ્રી ઘ્વારા તેમની ઉલટ–તપાસ કરવામાં આવેલ છે, જેમાં

તેમણે તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવવાળો વિસ્તાર રહેણાંકવાળો વિસ્તાર છે. ફરીયાદી તથા પી.એસ.ઓ. તેઓના સ્ટાફના છે. આંક–૧૧ વાળી પોલીસ યાદી જોઈ તેઓ જણાવે છે કે, તેમાં પોલીસ સ્ટેશનના કોઈ જાવક નંબર કે સિકકો મારેલા નથી. તેઓ આંક–૧૧ વાળી પોલીસ યાદી જોઈ જણાવે છે કે, તેમાં આરોપીના બ્લડ સેમ્પલ લેવા માટે આરોપીને હોસ્પિટલ લઈ જવા માટે કયા પોલીસ સ્ટાફને કસ્ટડી સોંપી તેનો કોઈ ઉલ્લેખ નથી. હાલના કામે તેઓએ તપાસના કામે સ્ટેશન ડાયરીની કોઈ નકલ રજુ કરેલ નથી. અન્ય સજેશનનો ઈન્કાર કરેલ છે.

**પુરાવાનું મુલ્યાંકન :–**

**(૧૩)** ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ–૮૫(૧) મુજબ આરોપીએ લોકોને આવ–જા કરવાની છૂટ હોય કે આવ–જા કરવાની પરવાનગી હોય તેવા કોઈ રસ્તા, સાર્વજનિક માર્ગ કે જાહેર જગ્યાએ દારૂ પીને ઉપદ્રવ ઉભો કરેલ હતો કે કોઈ વ્યકિતની સાથે ઝઘડો કરેલ હતો કે અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરેલ હતો કે બીજા કોઈની સાથે મારામારી કરેલ હતી કે  કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન અથવા અશ્લીલ વર્તન કરેલ હતુ તેમ ફરીયાદ પક્ષે સાબીત કરવાનું રહે છે. આ કામે ફરિયાદ પક્ષનાં કેસ મુજબ બનાવનાં દિવસે આ કામના આરોપી વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવી ગુનો કરેલ છે, જેથી ફરિયાદ પક્ષે રજુ પુરાવો જેમનો તેમ માની લેવામાં આવે તો પણ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫(૧) માં જણાવેલ ગુનાના તત્વો મુજબનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૪)** ફરીયાદ તરફે વિ.એ.પી.પી.શ્રી નાઓની રજુઆત છે કે આ કામના આરોપીએ આલ્કોહોલ લીધેલ છે તે હકીકત સાબિત થતી હોઈ આ કામના આરોપીને ભલે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ–૮૫(૧) મુજબ સજા ન કરી શકાય તેમ

છતાં એફ.એસ.એલ. સટીર્ફીકેટ ધ્યાને લેતા આ કામના આરોપીના બ્લડમાંથી ૦.૦૬૪૧ % આલ્કોહોલનું પ્રમાણ મળી આવેલ હોઈ આ કામના આરોપીએ દારૂ પીધેલ છે તેમ સાબિત થતુ હોઈ આ કામના આરોપી ને ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯ ૪૯ની કલમ- ૬૬(૧)બી ના ગુના માટે સજા કરી શકાય. બચાવ પક્ષના વિ.વ.શ્રીનાઓની રજુઆત છે કે, આ કામના આરોપી પર નામદાર અદાલતે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૬૬(૧)બી હેઠળ તહોમત ફરમાવેલ ન હોઈ સજા કરી શકાય નહી. આ તબકકે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ-૨૨૨ ધ્યાને લેવામાં આવે તો,

***<u>Section 222</u>. When offence proved included in offence charged.***

*(1) When a person is charged with an offence consisting of several particulars, a combination of some only of which constitutes a complete minor offence, and such combination is proved, but the remaining particulars are not proved, he may be convicted of the minor offence, thought he was not charged with it.*
*(2) When a person is charged with an offence and facts are proved which reduce it to a minor offence, he may be convicted of the minor offence, although he is not charged with it.*
*(3) When a person is charged with an offence, he may be convicted of an attempt to commit such offence although the attempt is not separately charged.*
*(4) Nothing in this section shall be deemed to authorize a conviction of any minor offence where the conditions requisite for the initiation of proceedings in respect of that minor offence have not been satisfied.*

આમ,જો કોઈ ગુનાનુ તહોમતનામુ મુકવામાં આવેલ હોય અને તે હકીકત ના આધારે કોઈ ઓછો ગંભીર અથવા નાનો ગુનો બનતો હોય તો અદાલત આવા ઓછા ગંભીર અથવા નાના ગુના માટે તહોમતનામુ મુકવામાં આવેલુ ન હોય તેમ છતાં આવા ઓછા ગંભીર તથા નાના ગુના માટે સજા કરી શકે છે. ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ- ૬૬(૧)બી હેઠળના ગુનાનું કુત્ય ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૮૫(૧) ના ગુનામા સમાવેશ થઈ જતો હોવાથી નામદાર અદાલતે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ- ૬૬(૧)બી હેઠળ તહોમતનામું ફરમાવેલ ન હોવા

છતા જો ગુનો પુરવાર થતો હોય તો ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી હેઠળ સજા કરી શકાય. જેથી બચાવ પક્ષની રજુઆત ટકવા પાત્ર નથી.

**(૧૫)** ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને ફરિયાદ પક્ષ જયાં સુધી આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું રહે છે. પરંતુ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૬(૨) મુજબ જો કોઈ વ્યકિતએ દારૂ પિધો છે તેવો આક્ષેપ હોય અને તેના લોહીમાં ૦.૦૫% કદ કે તેના કરતા વધુ આલ્કોહોલનું પ્રમાણ મળી આવે તો આરોપીએ દારૂ પીધેલ છે એમ અદાલતે અનુમાન કરવાનું જ છે સિવાય કે પીધેલ દારૂ એ સામાન્ય ડોઝથી વધુ નથી તેવી દવાની બનાવટ હતી અથવા પીધેલો દારૂ પ્રસાધની બનાવટ હતી તેમજ આલ્કોહોલવાળી જંતુનાશક બનાવટ અથવા દ્રાવણ હતુ અથવા સુગંધીદાર અર્કનું એસેન્સ અથવા રસ હતુ કે જેના પીવાથી ગુજરાત નશાબંધી અધિનિયમ કે તે હેઠળના નિયમો, વિનીયમો કે હુકમનું ઉલ્લંઘન થતુ નથી તેમ આરોપી સાબિત કરે. પરંતુ સામાન્ય કરતા આલ્કોહોલનું વધુ પ્રમાણ વખતે પૃથ્થકરણ અહેવાલ ઉપર આધાર રાખતા પહેલા ફરિયાદ પક્ષની ફરજ છે કે તેમણે હકારાત્મક રીતે એવું સાબીત કરવું પડે કે, લોહી લેવાની પ્રક્રિયામાં ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ ની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ હતુ.

**(૧૬)** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના વગર પાસ પરમીટે આરોપી ધ્વારા દારૂનું સેવન કરવામાં આવેલુ તે આક્ષેપ અનુસંધાને રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, ફરિયાદ પક્ષે આંક–૧૨ થી રજુ રાખેલ ફોર્મ–એ વાળા દસ્તાવેજને ધ્યાને લ ેતા ડોકટરશ્રી ધ્વારા તારીખ : ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ આ કામના આરોપીનુ બ્લડનું સ

ેમ્પલ કલેકટ કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે તેમજ આંક–૧૪ થી ફોર્મ–સી મુજબ રજુ રાખેલ એફ.એસ.એલ.રિપોર્ટ ધ્યાને લેતા, આરોપીના બ્લડ સેમ્પલ વાળી ફીયાલ એફ.એસ.એલ.,ગાંધીનગરનાઓને તારીખ : ૨૯/૦૭/૨૦૧૯ ના રોજ એફ.એસ.એલ.,ગાંધીનગરને પૃથ્થકરણ અર્થે મળેલ છે. આ તમામ હકીકતને આ કામે આંક–૧૦ થી ડૉ.બાબુભાઈ રામજીભાઈ પંચાલના ઓની જુબાનીથી સમર્થન મળેલ છે. આમ, ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ ના નિયમ–૪(૨) ની મેન્ડેટરી જોગવાઈ મુજબ ફીયાલમાં લીધેલ લોહીના નમુના ચકાસણી માટે ચકાસણી અધિકારીને લોહી લીધાની તારીખથી દિન–૭ ની અંદર મળી ગયેલ છે.જેથી આ કામના આરોપીએ દારૂ પીધેલ છે તેમ અનુમાન કરવાનું રહે.

**(૧૭)** આરોપીના વિ.વ.શ્રી ની રજુઆત છે કે, પોલીસ સાહેદ સિવાય નજરે જોનાર સાહેદ તરીકે સ્વતંત્ર સાહેદને તપાસેલ ન હોવાથી તેમજ પોલીસ સાહેદ રસ ધરાવતા સાહેદ હોવાની તેમજ આ કામે શરીરીસ્થિતીના પંચ સાહેદ હોસ્ટાઈલ હોવાથી પણ આ કામના આરોપીએ આલ્કોહોલનું સેવન કરેલાનું શંકાસ્પદ હોવાની રજુઆત કરેલ છે. સદરહુ રજુઆતની વિચારણા કરવામાં આવે તો પંચ સાહેદ આંક–૦૫ થી પંચ સાહેદ લુકમાન ઈલ્યાસ ટોપીવાલા નાઓની જુબાની ધ્યાને લેતા જેઓ હોસ્ટાઈલ છે તેમજ ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજી હકીકત જાણતા નથી. પરંતુ પંચ સાહેદ હોસ્ટાઈલ હોવા માત્રથી જ આ કામના આરોપીએ આલ્કોહોલનું સેવન કરેલ નથી તેમ માની ન શકાય. ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૧૨૯(ખ) ધ્યાને લેવામાં આવે તો આસીસ્ટન્ટ કેમીકલ એકઝામાઈનર નાઓના સહી સિકકાવાળા પ્રમાણપત્ર ને પુરાવા તરીકે વંચાણે લઈ શકાય. વધુમાં આ કામના ફરીયાદી પોલીસ સાહેદ છે તેમજ તપાસ દરમ્યાન કોઈ સ્વતં

ત્ર સાહેદને તપાસવમાં આવેલ નથી પરંતુ આ કામે આંક–૧૦થી ડૉ. બાબુભાઈ રામજીભાઈ પંચાલના ઓની જુબાનીથી તેમજ આંક– ૧૪ થી ફોર્મ સી સર્ટીફિકેટ ધ્યાને લ ેવામાં આવે તો આ કામના આરોપીના લોહીના સેમ્પલમાંથી ૦.૦૬૪૧ % આલ્કોહોલની માત્રા મળી આવેલ હોવાનું સાબીત થાય છે. વધુમાં સબબ પુરાવાથી પોલીસ સાહેદના પુરાવાને પણ સમર્થન મળતું હોવાથી પોલીસ સાહેદ સિવાયના સ્વતંત્ર સાહેદને ન તપાસવા માત્રથી પોલીસ સાહેદ રસ ધરાવતા સાહેદ હોય તેમની જુબાની ન માનવા માટેનું કોઈ કારણ નથી.

**(૧૮)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ફરીયાદ પક્ષ ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૬(૧)બી મુજબનો આરોપી સામેનો ગુનો નિ:શં કપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં ઠરાવી આરોપીની સજાના પ્રશ્ન અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : લુણાવાડા

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લુણાવાડા, જી.મહીસાગર
કોડ નં. જીજે ૦૧૬૬૪

## વધુ હુકમ

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો સાબીત થયેલો છે. સરકારે હાલમાં કાયદામાં સુધારો લાવેલ છે અને નશાબંધી અંગેની કડક નિતી જોતાં આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા માટે રજુઆત કરેલ છે.

આરોપી તેમજ તેમના વિ.વ.શ્રીનો વારંવાર પોકાર કરતા હાજર રહેલા નથી જેથી તેમને સજાના પ્રશ્ન અંગે સાંભળવામાં આવેલા નથી.

સજાના મુદ્દે સાંભળ્યા બાદ આરોપીને સજા કરતાં પહેલાં ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૧૦૪(એ) ધ્યાને લેતા પ્રોબેશન ઓફ અફેન્ડર્સ એકટ, ૧૯૫૮ ની જોગવાઈઓ લાગુ પાડી શકાય નહી. ગુનાની ગંભીરતા, ગુનાના પરિબળો નજર સમક્ષ રાખતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –// હુ ક મ //–

**(૧)** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ– ૨૪૮(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૪૮(૨) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ૧(એક) મહિનાની સાદી કેદની સજા તેમજ રૂા. ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) નો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવામા કસુર કરે તો દિન–૫ (પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના આરોપીએ આ કામે જો કોઈ સજા ભોગવેલ હોય તો તે સજા ફોજદારી કાર્યરિતી સંહિતા,૧૯૭૩ની કલમ– ૪૨૮ મુજબ મજરે આપવાની રહેશે.

**(૪)** આ કામના આરોપીને ફોજદારી કાર્યરિતી સંહિતા,૧૯૭૩ની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપી હાજર થયેથી હુકમની નકલ વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર ન હોય, ફોજદારી કાર્યરિતી સં હિતા,૧૯૭૩ની કલમ–૪૧૮(૨) સાથે કલમ–૭૦ વાંચતા આરોપીનું વોરન્ટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : લુણાવાડા

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લુણાવાડા
કોડ નં. જીજે ૦૧૬૬૪